પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં કૌભાંડ | વસો તાલુકા પંચાયત હસ્તક આવાસ યોજનાના 46 આવાસ બનાવ્યા વિના જ રૂપિયા ઓળવી લેવાયા

વસો તાલુકા પંચાયત હસ્તક આવાસના 46 આવાસ બનાવ્યા વિના નાણાં ઓળવી લેવાયા

46 લાભાર્થી અને ફાળવણી ક્રમાંક સહિતની વિગતો સાથે ફરીયાદ કરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 17

વસો તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત ગંભીર કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો થયા છે. વસોના જ એક નાગરિકે જિલ્લા વિકાસ અધિકારીને વિસ્તૃત ફરિયાદ પાઠવી છે.

વસોના અલિન્દ્રાના રાજ પટેલ દ્વારા DDO ને કરાયેલી ફરિયાદ મુજબ, તાલુકાના કરોલી, મલિયાતજ, મિત્રાલ, પેટલી, પીજ અને થલેડી ગામોમાં પ્રધાનમંત્રી આવાસ અંતર્ગત મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યુ છે કે, કુલ 46 બોગસ લાભાર્થીઓના નામે સરકારી આવાસો મંજૂર કરાયા છે. આમાં કરોલીમાં 4, મલિયાતજમાં 7, મિત્રાલમાં 6, પેટલીમાં 11, પીજમાં 8 અને થલેડીમાં 10 આવાસોનો સમાવેશ થાય છે. આ તમામ બોગસ લાભાર્થીઓના નામ, અરજી ક્રમાંક અને મંજૂર કરાયાના વર્ષ સહિતની ચોક્કસ વિગતો રજૂ કરી છે, જે સરકારી રેકોર્ડ મુજબની હોવાનો દાવો કર્યો છે. આ કૌભાંડ આચરવા માટે વિસ્તરણ અધિકારી દિનેશ રોહિતે આવાસ માટેના સર્વે દરમિયાન જ ચોક્કસ ગામોના માનીતા તલાટીઓ અને સરપંચો સાથે સાંઠગાંઠ કરી હતી. તે બાદ ગામના કાચા-પાકા મકાન હોય, છતાં આવાસની ફાળવણીની લાલચ આપીને સહાયની રકમમાંથી આર્થિક લાભ આપવાનું વચન આપ્યું હતું. બાદમાં દિનેશ રોહિતના મળતીયાઓએ આવા લાભાર્થીઓના દસ્તાવેજો એકત્ર કરી આવાસના ફોર્મ ભરાવ્યાં હતાં. તલાટી અને સરપંચની સહી-સિક્કા મેળવી, સ્થળ સ્થિતિ ચકાસ્યા વિના અને લાભાર્થીઓ પાસે મકાન હોવા છતાં, દિનેશ રોહિતે આવાસોને પ્રાથમિકતા આપી મંજૂરી અપાવી હતી. લાભાર્થીઓના ખાતામાં રકમ જમા થતાં અમૂક રકમ લાભાર્થીને અને બાકીના નાણાં સરપંચ, તલાટી અને દિનેશ રોહિતે હડપ કરી લીધા હોવાનો આરોપ છે. બીજા અને ત્રીજા હપ્તા માટે દિનેશ રોહિતે એક જ મકાનના અલગ-અલગ એંગલથી લીધેલા ફોટોગ્રાફ્સનો ઉપયોગ કર્યો અને તેના આધારે હપ્તાઓની મંજૂરી મેળવી, નાણાં ચાઉં કરી ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. PMAYGની 1.20 લાખની સહાય ઉપરાંત, મનરેગા અંતર્ગત મળતા મજૂરી, પ્રોત્સાહન વળતરની જુદી-જુદી રકમ મળી કુલ 1.70 લાખનો ભ્રષ્ટાચાર કર્યાનો આરોપ પણ મુકવામાં આવ્યો હોવાના આરોપ કર્યા છે અને આ અંગે ઉંડાણપૂર્વક તપાસ કરવાની માંગણી કરી છે.

જવાબદારી ફિક્સ કરી કાર્યવાહી કરાય: ફરીયાદી

આ કૌભાંડમાં તલાટીઓ, સરપંચો અને તાલુકા પંચાયતના જવાબદાર કર્મચારીઓ, ખાસ કરીને વિસ્તરણ અધિકારી અને આવાસ યોજનાનો હવાલો સંભાળતા દિનેશ રોહિતની સીધી સંડોવણી છે. દિનેશ રોહિતે સત્તાનો દૂરઉપયોગ કરી ગેરરીતિ આચરી છે. આ અંગે ઉંડાણપૂર્વક તપાસ કરી અને સરકારી કર્મચારીઓ અને હોદ્દેદારોની જવાબદારી ફિક્સ કરી કાર્યવાહી કરવા માંગણી કરી છે. - **રાજ પટેલ, અરજદાર**

ભ્રષ્ટાચારનો પ્રશ્ન જ નથી: વિસ્તરણ અધિકારી

આ સમગ્ર કૌભાંડ સંદર્ભે વિસ્તરણ અધિકારી અને આવાસની કામગીરી સંભાળતા દિનેશભાઈ રોહિતે જણાવ્યું છે કે, "એવું કંઈ પણ થયું નથી. બધું જ નિયમોનુસાર થયેલું છે. જે સ્થાને મકાન હોય ત્યાંથી ફોટો લેવાય એટલે ભ્રષ્ટાચારનો કોઈ પ્રશ્ન જ નથી."

વર્ગ-1ના અધિકારી પાસે નિષ્પક્ષ તપાસની માંગણી

ફરિયાદીએ આ મામલે વર્ગ-1ના અધિકારીઓની દેખરેખ હેઠળ એક તપાસ ટીમ બનાવીને તપાસ હાથ ધરવાની માંગણી કરી છે. તેમણે જણાવ્યું છે કે, તપાસ ટીમ દ્વારા ફરિયાદીએ આપેલી યાદીવાળા તમામ લાભાર્થીઓની રૂબરૂ મુલાકાત લેવામાં આવે અને તેમને ખરેખર યોજના હેઠળ આવાસ મળ્યા છે કે કેમ? તેની સ્થળ ચકાસણી કરવામાં આવે. વધુમાં, સરકારી રેકોર્ડ તપાસીને કબજે લેવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે.

સંતરામપુરના મહાસંમેલનમાં ભીલ પ્રદેશ રાજ્યની માગણી ઉઠી

માનગઢ ધામ ખાતે ભીલપ્રદેશ માટેનું ચોથું મહાસંમેલન યોજાયું

તસવીર: ઇન્દ્રવદન પરીખ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.17

મહીસાગર જીલ્લાનાં સંતરામપુર તાલુકાના માનગઢ ધામ ખાતે ભીલપ્રદેશ માટેનું ચોથું મહાસંમેલન યોજાયું હતું. ચાર રાજ્યોના આદિવાસી નેતાઓએ 30મા ભીલ પ્રદેશ રાજ્યની જોરદાર માંગ ઉઠાવી હતી.

સંતરામપુર માનગઢધામ ખાતે આજે ભીલ સમાજના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ ક્ષણ બની ગઈ હતી. જ્યાં માનગઢ ધામ ખાતે ભીલપ્રદેશ માટે ચોથું મહાસંમેલન યોજાયું હતું. જેમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત તથા મહારાષ્ટ્ર સહિત દાદરા-નગર હવેલીથી હજારોની સંખ્યામાં ભીલ ભાઈઓ અને બહેનો માનગઢ ધામ ખાતે એકત્રિત થયા હતા.

આ કાર્યક્રમમાં રાજસ્થાનથી ભંવરલાલ પરમાર, કાંતિભાઈ આદિવાસી, સાંસદ રાજકુમાર રોત, ધારાસભ્યો થાવરચંદ ડામોર, ઉમેશ ડામોર, અનિલ કટારા સહિતના આગેવાનો હાજર રહ્યા. મધ્યપ્રદેશથી કેશુભાઈ નિનામા, ચંદુભાઈ મેડા અને ડો. કમલ ડામોરે પોતાના વિચારોવ્યકત કર્યા હતા. ગુજરાત તરફથી રાજુભાઈ વલવાઈ અને કેતનભાઈ બામણીયાએ મહત્વપૂર્ણ ભાષણ આપ્યું, જયારે મહારાષ્ટ્ર તથા દાદરા-નગર હવેલીના વક્તાઓએ પણ ભીલપ્રદેશની અખંડ માંગણીને પોતાના વ્યક્તવ્યમાં વાજબી ઠેરવી હતી. આ મહાસંમેલનમાં વક્તાઓએ એક સૂરમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભીલપ્રદેશ ભારતનું 30મું રાજ્ય બને એ સમયની માંગ છે. તેઓએ ચેતવણી આપતાં પણ જણાવ્યું હતું કે જો સરકારે અમારી માંગણી પ્રત્યે નક્કર પગલાં નહિ ભરે, તો ભવિષ્યમાં આશ્ચર્યજનક આંદોલનાત્મક કાર્યક્રમો અમલમાં મુકાશે. 1507 ભીલ શહીદોની વીરગાથાને સ્મરણ કરીને ભવિષ્ય માટે સંકલ્પ લેવાયો હતો.

નડિયાદના બસ સ્ટેન્ડમાં ખાડાને લઈ ઉગ્ર રજૂઆત

બેનરો સાથે રાખી સૂત્રોચ્ચાર કરી વર્ષોથી ચાલી આવતી સમસ્યા અંગે વિરોધ દર્શાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાં છેલ્લા ચાર વર્ષથી નિર્માણાધીન નવા બસ સ્ટેન્ડને કારણે જુના બસ સ્ટેન્ડની હાલત કફોડી બની છે. લાંબા સમયથી જુના બસ મથકમાં રોડનું નિર્માણ થયું નથી, જેના પરિણામે ચોમાસામાં પાણી ભરાવાથી મોટા ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળે છે, જે વૃદ્ધ અને બાળકો માટે આફતરૂપ બન્યું છે.

નડિયાદનું એસટી બસ સ્ટેન્ડ દૈનિક હજારો મુસાફરો માટે એક મહત્વનું પરિવહન કેન્દ્ર છે, જેમાં વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને રોજિંદા કામ અર્થે આવતા-જતા લોકોનો સમાવેશ થાય છે. તેમ છતાં, છેલ્લા ઘણા સમયથી અહીં ડામર રોડના અભાવે ખાડાઓ અને ધૂળની ડમરીઓનું સામ્રાજ્ય જોવા મળે છે. ચોમાસા સિવાયના દિવસોમાં ધૂળિયા રસ્તાથી ઉડતી ધૂળની ડમરીઓ પણ મુસાફરો માટે ભારે અગવડ ઊભી કરે છે. એક અંદાજ મુજબ, દૈનિક 2 હજારથી વધુ મુસાફરો અને 1 હજારથી વધુ બસો આ બસ સ્ટેન્ડનો ઉપયોગ કરે છે. ચોમાસાની ઋતુમાં ખાડાઓને કારણે સ્થિતિ અત્યંત ગંભીર બની જાય છે. સિનિયર સિટીઝન જેવા મુસાફરોને ખાડાઓ પાર કરવા માટે છલાંગ લગાવવી પડે છે, જ્યારે સગર્ભા મહિલાઓ, બાળકો અને દિવ્યાંગ લોકો માટે આ ખાડાઓ જોખમી સાબિત થાય છે, અને કપડા ગંદા થવાનો ભય પણ સતાવે છે. આ પરિસ્થિતિના કાયમી નિરાકરણ માટે આજે ગુરુવારે નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ દ્વારા ડેપો મેનેજરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. હાર્દિક ભટ્ટે જણાવ્યું કે, "અમે છેલ્લા ચાર વર્ષથી સતત એસટી વિભાગને રજૂઆત કરીએ છીએ. નડિયાદ એસટી સ્ટેન્ડમાં કામચલાઉ નહીં પરંતુ કાયમી ધોરણે ડામરનો રોડ બને તેવી અમારી માંગણી છે. તંત્ર દ્વારા નવું બસ સ્ટેન્ડ નિર્માણ પામી રહ્યું હોવાનું કહીને હાથ અધ્ધર કરાય છે, પરંતુ આ ખાડાઓ મુસાફરોને ભારે હેરાન કરી રહ્યા છે. ખાસ કરીને દિવ્યાંગ વ્યક્તિઓ, સિનિયર સિટીઝનો અને મહિલા મુસાફરોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે." તેમણે વધુમાં જણાવ્યું કે, બસ સ્ટેન્ડના શૌચાલયો પણ ઉપયોગમાં લઈ શકાય તેવી સ્થિતિમાં નથી, પીવાના પાણીનો પ્રશ્ન છે અને ડ્રેનેજ ઉભરાવવાનો પ્રશ્ન પણ વકરી રહ્યો છે. તેમણે ચેતવણી આપી હતી કે જો ટૂંકા દિવસોમાં ડામરનો રોડ બનાવવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

મોટો ખર્ચ કરી શકાતો નથી

નડિયાદ ડેપો મેનેજર કે.કે.પરમાર દ્વારા જણાવાયું કે, "ખાડાની સમસ્યાનું મુખ્ય કારણ હાલનું બસ સ્ટેન્ડ કામચલાઉ છે. કેટલીક નીતિવિષયક બાબતો હોવાથી મોટો ખર્ચ કરી શકાતો નથી. પાછળની બાજુ નવું બસ સ્ટેશન બની રહ્યું છે." તેમણે ઉમેર્યું કે આ બાબતે તેમણે ઉપલી કક્ષાએ રજૂઆતો કરી છે અને વિભાગીય ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ રજૂઆત થયેલી છે. પરમારે ખાતરી આપી હતી કે, આ સમસ્યાનો કાયમી અને સકારાત્મક ઉકેલ લાવવા માટે પુરતા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

નડિયાદ શહેરમાં વ્યાપક રોડ રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી

નડિયાદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ અને મનપા કમિશનર જી.એચ.સોલંકીએ શહેરમાં વિવિધ સ્થળોએ ચાલતી રોડ રસ્તા રીપેરીંગની કામગીરીનું પ્રત્યક્ષ સ્થળ તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કામગીરી અંતર્ગત મિલ રોડ પર મફતલાલ મિલ સામે, કોલેજ રોડ પર ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી સામે અને પીજ રોડ, વલ્લભ ચોકડી ખાતે ડામર પેચ વર્ક, ડામરના પેવર પટ્ટા, સીસી રોડ અને કોન્ક્રીટ રોડ જેવી વિવિધ પ્રકારની રોડ રીપેરીંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આણંદ મહાનગરપાલિકા દ્વારા બિલ્ડીંગોની તપાસણી હાથ ધરાઈ

મહાનગરપાલિકા દ્વારા 15 જેટલી ટીમ બનાવી મનપા હસ્તકના બિલ્ડીંગોની તપાસ કરાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.17

કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનર દ્વારા મનપા વિસ્તારમાં આવેલા મહાનગરપાલિકાની બિલ્ડીંગોના સ્ટ્રક્ચરની તપાસણી કરવા માટે 15 જેટલી ટીમો બનાવવામાં આવી છે. આ અંગે કમિશનરના જણાવ્યા મુજબ આ ટીમોમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર સહિત ટાઉન પ્લાનર અને એન્જિનિયર દ્વારા મનપા હસ્તકની બિલ્ડિંગોની તપાસણી કરી અહેવાલ તૈયાર કરવાનો થાય છે.

કરમસદ - આણંદ મનપાની 15 ટીમ દ્વારા બિલ્ડીંગોનું સ્ટ્રક્ચરની ખાસ તપાસ કરવામાં આવી રહી છે અને મનપા હસ્તકના બિલ્ડિંગમાં રીપેરીંગ કે અન્ય કામગીરી કરવાની થશે તો તે અંગેનો જે અહેવાલ તૈયાર કરવામાં આવશે, તેને ધ્યાનમાં લઈને આ બિલ્ડિંગો અંગે જરૂરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આમ, કરમસદ આણંદ મહાનગરપાલિકાની 15 જેટલી વિવિધ ટીમો દ્વારા મનમાં હસ્તકની 90 જેટલી બિલ્ડિંગોની તપાસણી ગુરૂવારના રોજ એક જ દિવસમાં કરવામાં આવી હતી, આ ટીમો દ્વારા તૈયાર કરાયેલો રિપોર્ટ મનપા કમિશનરને સોંપવામાં આવશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

વીરપુરના ફરસાણ એસોસિએશનના હોદ્દેદારોની નિમણૂંક કરાઇ

વીરપુર | વીરપુરના ફરસાણ એસોસિએશનના સભ્યોની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં હોદ્દેદારોની સર્વાનુમત્તે નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે પંડિત ધનીરામ રામચરણલાલ અને પ્રમુખ તરીકે મહેશભાઇ બામણીયાને નિમવામાં આવ્યાં છે. આ સાથે તેઓએ ફરસાણ એસોસિએશનનો ગુજરાત મીઠાઇ ફરસાણ મહામંડળને સંપૂર્ણ ટેકો જાહેર કરાયો છે અને 18મી જુલાઇના રોજ યોજાનારી બેઠકમાં બેથી ત્રણ સભ્યોની હાજરી આપશે. તેવી જાહેરાત કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજ તાલુકાના જલોયા ખાતે ઉમિયા સંસ્થાનની ચિંતન શિબિર યોજાઈ

કપડવંજ | જલોયાના ઉમિયા માતાના મંદિરે ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા કપડવંજ તથા કઠલાલ તાલુકાની ચિંતન શિબિર ઉંઝા સંસ્થાનના મંત્રી જયંતિલાલ પટેલની અધ્યક્ષાતામાં યોજાઈ હતી. આ પ્રસંગે સંસ્થાનના સહમંત્રી વસંત ચોક્સી, ટ્રસ્ટી અને ઉમિયાધામ અંબાજીના મુખ્યદાતા બાબુલાલ પટેલ ખોરજવાળા, સંગઠન અને પ્રચાર પ્રસારના ચેરમેન પ્રવિણ પટેલ, ઉદ્યોગપતિ બાબુલાલ પટેલ, સંગઠન સંયોજક હિતેશ પટેલ, મીડીયા પ્રભારી પી.એ. પટેલ, ડો. આયુષ પટેલ સહિત કપડવંજ, કઠલાલના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ઉમિયા માતાજી સંસ્થાન ઉંઝા દ્વારા ખેડા જીલ્લા સંગઠન કન્વીનર તરીકે કપડવંજ તાલુકાના નીરમાલી ગામના અંકિત મંગળદાસ પટેલને મહેમાનના હસ્તે નિમણૂકપત્ર એનાયત કરાયાં હતાં.

આંકલાવ તાલુકામાં આસરમા - રામપુરા ખાતે રોડનું ખાતમુહુર્ત કરાયું

આંકલાવ | રામપુરા - આંકલાવ રોડથી હનુમંતપુરા રોડ અંદાજે દોઢ કિલોમીટર રૂ.82 લાખનુ કામ મંજૂર થતાં તેનુ ખાતમુહૂર્ત આંકલાવ વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભા વિપક્ષના નેતા અમિતાભાઇ ચાવડાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંકલાવ એપીએમસીના ચેરમેન મનુભાઈ પટિયાર તથા આંકલાવ તાલુકા કોગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ પટિયાર, મનુભાઈ પટિયાર મુજકુવા તથા કૌશિકભાઇ પટિયાર અને આસરમા રામપુરા ગામ ના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાનગરની આઈસ્ટાર કોલેજમાં સરસ્વતી પૂજા અને અભિમુખતા કાર્યક્રમ યોજાયો

આણંદ | સીવીએમ યુનિવર્સિટીની આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રીઅલ કેમેસ્ટ્રી (આઈસી) વિભાગમાં વિદ્યા અને શિક્ષણની આદ્યશક્તિ મા શ્રી સરસ્વતી દેવીની પૂજા અને અર્ચના તેમજ નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતગર્ત સરસ્વતી માતાનું વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. વિભાગીય વડા ડો. રોહીત દવે દ્વારા પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને સંસ્થા પરિચય આપવામાં આવ્યો હતો. વરિષ્ઠ અધ્યાપક ડો. જીગર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી લક્ષી માર્ગદર્શન આપવામા આવ્યું હતું. સંસ્થાના આચાર્ય ડો. મહેન્દ્રસિંહ રાજ દ્વારા વિદ્યાર્થીઓને તેઓના જીવનમાં સમાજ ઉપયોગી થાય તેવું શિક્ષણની લેવાની શીખ આપી હતી.

આણંદ કૃષિ યુનિવર્સિટી અને રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા દ્વારા તાલીમ કાર્યક્રમ યોજાયો

આણંદ | મહેમદાવાદના સણસોલી સ્થિત આણંદ કૃષિ સંશોધન કેન્દ્ર અને રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સહકારી મંડળી તથા બેંકના અધિકારીઓમાટે પ્રાકૃતિક ખેતી વિષયક તાલીમનું અયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડી.બી.ગોટી, રાષ્ટ્રીય સહકારી વ્યવસ્થાપન સંસ્થા, ગાંધીનગરના સંકલનથી મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના 30 અધિકારીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડો. ડી. બી. પ્રજાપતિ, સંશોધન વૈજ્ઞાનિક અને વડાએ કેન્દ્રની રૂપરેખા, પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો અને દિવેલા પાક વિશે માહિતી આપી હતી.

ચારુસેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે માર્ગદર્શન પ્રાપ્ત થશે

આણંદ | ચારુસેટ યુનિવર્સિટી અને આઈડીપી (IDP) વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એમઓયુથી હવે ચારુસેટના વિદ્યાર્થીઓને આઈઈએલટીએસની પરીક્ષા તથા વિદેશ અભ્યાસ અંગેની સચોટ માહિતી મેળવવી વધારે સરળ બનશે. ચારુસેટના પ્રોવોસ્ટ-રજીસ્ટ્રાર-ડીન (એકેડેમિક્સ) ડો. અતુલ પટેલ અને સિનિયર મેનેજર તથા બ્રાંચ મેનેજર- આઈડીપી વડોદરા કનિકા નોતાની દ્વારા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ એમઓયુથી ચારુસેટના વિદ્યાર્થીઓને કેમ્પસમાં IELTS વિશે માર્ગદર્શન પ્રાપ્ત થઇ શકશે. રાહુલ મહીડા દ્વારા આ MoU વિશે ઉપરાંત ચારુસેટના વિદ્યાર્થીઓને MoU અંતર્ગત કયા લાભ મળશે તેની માહિતી આપવામાં આવી હતી.

નડિયાદના સલુણ ગામના વૈધના કુવા પ્રાથમિક શાળામાં બાળમેળો યોજાયો

નડિયાદ | બાળકોમાં રહેલી સુષુપ્ત અને આંતરીક શક્તિઓના વિકાસ અર્થે પ્રાથમિક શાળા, વૈધના કૂવા, સલુણ ખાતે બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાળમેળામાં બાળકોએ કાગળકામ, ચીટકકામ, રંગપૂરણી, વેશભૂષા, બાળવાર્તા, પઝલ, બાળગીત, વેસ્ટમાંથી બેસ્ટ, અભિનયગીત જેવા વિવિધ પ્રકારની પ્રવૃતિઓ કરી આનંદ માણ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય સંજય વાઘેલાએ તમામ બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં.